Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

# ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ - એકરૂઢિભંજક[i]

**ડૉ.વિજયાનન્દજી.પટેલ**
અધ્યક્ષ,સંસ્કૃતવિભાગ,ભવન્સકોલેજ,
ડાકોર.
patelvijayanand00@gmail.com

મહાભારતના ભીષ્મપર્વના 25 થી 42માં ભગવદ્ગીતાના અધ્યાયઆવેલાં છે જેને સંસ્કૃતસાહિત્યનું એક અત્યન્ત લોકપ્રિય ધાર્મિક કાવ્ય ગણી શકાય છે. યુદ્ધભૂમિમાં સામસામે કૌરવો-પાંડવોની સેનાના યદ્ધવીરો એકબીજાને શૂરાતન ચડાવવામાટે પોતપોતાના પ્રસિદ્ધ શંખોના નાદ કરી રહ્યાં હતાં, આવા તુમુલ નિનાદ વચ્ચે શ્વેત અશ્વોવાળા રથમાં બેઠેલાં કિંકર્તવ્યમૂઢ બનેલા न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह[ii]થયેલા અર્જુનની બધી શંકાઓ નિર્મૂળ કરવા માટે શ્રીકૃષ્ણએ ભગદ્ગીતાનું ગાન કર્યું હતું. નષ્ટમોહા ગીતાનું જ્ઞાન સાભળીને અર્જુન પણ બોલી ઉઠે છે- **नष्टो मोहः स्मृतिर्लब्धा।**[iii]

ગીતાની પુષ્પિકા કહે છે તે પ્રમાણે આ એક ઉપનિષદ્ છે.[iv]તેનો અભ્યાસ કરતાં એવું જોવા મળે છે કે ગીતાનો સન્દેશ સાર્વભૌમ છે. ડૉ.રાધાકૃષ્ણન્ કહે છે તે મુજબ “આ ગીતા પ્રચલિત હિન્દુધર્મનો દાર્શનિક આધાર છે તેના રચયિતા આલોચક નહી પણ સર્વગ્રાહી છે.તે કોઇપણ ધાર્મિક આન્દોલનનો નેતા નથી; તેનો ઉપદેશ કોઇ સમ્પ્રદાય વિશેષને સ્થાપિત કરતો નથી પરન્તુ મનુષ્યમાત્રમાટે યોગ્ય એવો માર્ગ ખોલી આપ્યો છે. બધાં જ પ્રકારની ભક્તિસાથે સહાનુભૂતિ ધરાવે છે, **હિન્દુધર્મ સાથે** વધારે સુસંગત છે કારણકે **હિન્દુધર્મ પોતાની સંસ્કૃતિને ભિન્ન ભિન્ન** વિભાગોમાં વિભક્ત કરવા ઇચ્છતો નથી કે ન તો અન્ય ધર્મના વિચારો પ્રત્યે ખંડનાત્મક વૃત્તિ રાખતો.

શ્રીકૃષ્ણએ પરંપરામાં મળતી દાર્શનિક વ્યાખ્યાઓ-વિચારધારાઓની રૂઢિનો ભંગ કર્યો છે. જેમકે, યોગશાસ્ત્ર મુજબ યોગનો અર્થ चित्तवृत्ति निरोधः योगः -અર્થાત્ ઇન્દ્રિયદમન કે ઇન્દ્રિયસંયમને યોગ કહેવાય. આવા પરંપરાગત કે રૂઢિગત લક્ષણને ગીતામાં **योगः कर्मसु कौशलम्** કે समत्वं योगः उच्यते કહીને માત્ર ચિત્તની જ એકાગ્રતા નહી પણ કોઇપણ કર્મમાં રહેલી કે કરેલી એકાગ્રતાને યોગ કહ્યો છે.આવા કેટલાક દાર્શનિક લક્ષણોનો ભંગ કરતા હોય એવા શ્રીકૃષ્ણના અમને દર્શન થયા છે તે દર્શાવવાનો ઉપક્રમ આ અભ્યાસમાં છે.

<u>સાંખ્ય</u>ની વ્યાખ્યા- સાંખ્ય શબ્દનો અર્થ પરંપરામાં 25 તત્ત્વોની સંખ્યાનો વાચક મનાયો છે-**सङ्ख्यासम्बन्धेन** साङ्ख्यमुच्यते,किन्तु सङ्ख्याशब्दस्यार्थे विवादोऽस्ति विदुषाम्।केचनाहुः-समुपसर्गपूर्वकादर्शनार्थकाच्चक्षिङ् धातोःल्युटि चक्षिङ् ख्यात्रादेशे “सम्यक् ख्यानम्” इति विग्रहात्मकः साङ्ख्यशब्दः।अस्यायमभिप्रायः-जीवोऽनाद्यविद्ययाऽऽच्छन्नो भवति,तदेव तस्य बन्धनमुच्यते,येन स्वरूपज्ञानं तस्य न भवति। तज्ज्ञानं विना दुःखनिवृत्तिरप्यसंभाविनी। अतः “त्रिगुणात्मिकेयं प्रकृतिः पुरुषाद्भिन्नैव” इत्यात्मन उद्भाव्यमानं ज्ञानमेव सङ्ख्या।[v] મહાભારતના શાન્તિપર્વમાં સાંખ્યમાટે કહેવામાં આવ્યું છે કે-

दोषाणां च गुणानां च प्रमाणं प्रविभागतः।
कञ्चिदर्थमभिप्रेत्य सा सङ्ख्येत्यभिधार्यताम्।।[vi]

શંકરાચાર્યજી ગીતાજીના ભાષ્યમાં સાંખ્યના આ અર્થનું સમર્થન કર્યું છે,તેઓ કહે છે કે "इमे सत्त्वरजसतमांसि गुणा मया दृश्याः अहं च तेभ्योऽन्यः,तद्व्यापारसाक्षिभूतो नित्यो गुणविलक्षण आत्मेति चिन्तनम्। एष साङ्ख्यः।"[vii] પરન્તુ ગીતામાં સાંખ્યનો અર્થ કરતાં સમજાવાયું છે કે – દેહી અને દેહ-આત્મા અને અનાત્માને વિવેક સમજવો જોઇએ જે મૃત્યુનો આપણે શોક કરીએ છીએ, તે મૃત્યુ વખતે નાશ માત્ર દેહનો થાય છે.દેહી તો અમર છે जायते-अस्ति-वर्धते-विपरिणमते-अपक्षीयते-विनश्यति આ છ ભાવવિકારો દેહના છે આથી કૌમાર,યૌવન,જરાએ વિકાસના ક્રમ પ્રમાણે મૃત્યુ પણ સ્વાભાવિક રીતે દેહને જ આવે છે.આમ દેહ અને  ઇન્દ્રિયો મરણશીલ છે, અને તેમના અનુભવો અનિત્ય-પરિવર્તનષશીલ છે માટે ઇન્દ્રિયોને મળતાં સુખદુઃખાદિ દ્વન્દ્વાત્મક અનુભવોથી હર્ષ-શોક અનુભવવાં જોઇએ નહીં. અર્થાત્ જે અશાશ્વત છે તેનો હર્ષ કે શોક બન્ને વ્યર્થ છે. આમ ક્ષણેક્ષણે બદલાતો જતો હોવાથી અને નાશવન્ત હોવાથી દેહ અસત્ છે, તેનું ખરું અસ્તિત્વ જ નથી; જ્યારે દેહી સત્ છે.તે સત્ અદાહ્ય,અક્લેદ્ય,અશોચ્ય,નિત્ય,સર્વગત,સ્થાણુ,સનાતન,અવ્યક્ત,અચિન્ત્ય, અને અવિકારી છે.[viii] આ બધું જે દેખાય છે,અનુભવાય છે તે સત્યથી વ્યાપ્ત છે. આ સત્ કોઇ ક્રિયારૂપી વિકાર પણ ધારણ કરતું નથી; એટલે તે કોઇને હણતું નથી અને દેહનો નાશ થાય ત્યારે પણ હણાતું નથી. માણસ જેમ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ માણસનું જ્યારે મૃત્યુ થાય છે, ત્યારે દેહી પણ જૂના દેહનો ત્યાગ કરીને નવો દેહ ધારણ કરે છે.[ix] આવા દેહનો નાશ અનિવાર્ય છે, તથા દેહી અમર છે. તેથી આ વાત સારી રીતે સમજી ચૂકેલાં પંડિતો જીવન-મરણનો હર્ષ-શોક કરતાં  જ નથી. વળી દેહી –સત્ એ અસત્-દેહ હોઇ શકે જ નહી, કારણકે સત્ અને અસત્ પરસ્પર વિરોધી છે. જે સત્ છે તે કદી અસત્ બની શકતું નથી અને અસત્ એ કદી સત્ બની શકવાનું નથી.

આમ,દેહી – દેહ નો વિવેક દર્શાવીને કૃષ્ણ સમજાવે છે કે દેહ નાશવન્ત હોવાથી શોક કરવાલાયક  નથી, ધર્મયુદ્ધ કરવું એ જ ક્ષત્રિય માટે સ્વધર્મ છે. આ ધર્મનું પાલન કરતાં મૃત્યુ થાય તો સ્વર્ગ અને જીતે તો પૃથ્વીનું શાસન પ્રાપ્ત થશે, આમ બન્ને રીતે લાભ જ છે; જ્યારે યુદ્ધમાંથી નાસી જવાથી અપકીર્તિ અને પાપ લાગે.

આ રીતે  શ્રીકૃષ્ણએ સાંખ્યના ઉપદેશમાં ત્રણ બાબતોનો સમાવેશ કર્યો છે: (1) દેહી-દેહ કે સત્-અસત્ નો વિવેક(2) દેહી એ જ દેહ હોય અને તે રીતે દેહ નાશ પામતાં દેહી પણ નાશ પામતો હોય તો  પણ મૃત્યુ અનિવાર્ય હોવાથી અશોચ્ય છે,અને (3) યુદ્ધ એ ક્ષત્રિયનો સ્વધર્મ છે. શંકરાચાર્યએ સાંખ્યનો અર્થ परमार्थवस्तुविवेकविषय[x] કર્યો છે. શ્રી ટિળકે તેનો અર્થ "સંન્યાસનિષ્ઠા"કર્યો છે. ઘણાં વિદ્વાનો એવું દર્શાવે છે કે साङ्ख्य શબ્દ सम्+ ख्या = ગણતરી કરવી – બુદ્ધિથી સમજવું, પૃથક્કરણ કરવું પરથી આવ્યો છે, આથી તેનો અર્થ  "વિચારણા" કરવો જોઇએ. કેવળ ક્ષણજીવી સ્વાર્થ માટે કર્મો કરવા કે ન કરવા એ ગીતાને માન્ય નથી. વિનાશ કે સંહારથી ડરીને કોઇ ધર્મ્ય કર્મ ન કરવું  તે ક્ષત્રિયધર્મની વિરુદ્ધ છે એમ અર્જુનને સમજાવવામાં આવે છે કારણકે સત્યનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો સ્વધર્મ છે. માણસને પોતાના મૂળસ્વરૂપનું જ્ઞાન હોય અને પછી વિશેષ પરિસ્થિતિમાં વ્યક્ત થતા પોતાના વિશેષ સ્વરૂપનું ભાન હોય, તો તેનું કર્તવ્ય સ્પષ્ટ બને છે. પોતાના સ્વરૂપ વિશે માણસની દૃષ્ટિ મૂલગામી ન હોય તો તેનું કર્તવ્ય અસ્પષ્ટ અને ઉપરછલ્લાં હેતુથી પ્રેરાયેલું હોય છે. માણસ જો સ્વાર્થને દૂર રાખીને કર્તવ્ય-અકર્તવ્યનો વિચાર કરે તો તેની વિચારણા આન્તરિક પ્રેરણાથી પ્રવૃત્ત થઇ હોવાથી કર્મયોગ બને છે. જેણે તટસ્થ અને તાત્ત્વિક વિચારણા કરી હોય તેની બુદ્ધિ સમતોલ બને છે. શક્ય છે કે ગીતાના સમયમાં પણ સાંખ્ય-બુદ્ધિ-જ્ઞાનનો અર્થ સંન્યાસ -કર્મનો સ્વરૂપથી ત્યાગ થતો હશે, જેથી અર્જુનને સંશય થાય છે જેને દૂર કરવામાટે રૂઢિથી જડ બનેલાં અર્થને ગીતા ત્યજે છે.

**યજ્ઞ**-યજ્ ધાતુમાંથી નિષ્પન્ન યજ્ઞ શબ્દ વૈદિકકાળ જેટલો જૂનો છે. પુરુષસૂક્તમાં यज्ञेन यज्ञमजन्त देवाः.. ।[xi],यज्ञेन कल्पताम्..।તૈતિરીય સંહિતા(1.7.4)નો ઉલ્લેખ કરીને શંકરાચાર્ય यज्ञो वै विष्णुः..।ઉપર ભાષ્યમાં કહે છે કે इति श्रुतेर्यज्ञ ईश्वरः,तदर्थं यत् क्रियते तद्यज्ञार्थं कर्म।[xii] વેદકાલિક ઋષિઓ અગ્નિ, ઇન્દ્ર,વરુણ વગેરે દેવો પ્રત્યે આભાર પ્રગટ કરવા માટે યજ્ઞ કરતાં હતાં. કાળક્રમે અર્પણ કે આભારપ્રગટની ભાવનાને બદલે અનેકવિધ સુખપ્રાપ્તિમાટે જટિલ ક્રિયાકાંડવાળા યજ્ઞો અસ્તિત્વમાં આવ્યાં. શ્રીકૃષ્ણએ યજ્ઞના સંકુચિત થઇ ગયેલા અર્થને વૈશ્વિક બનાવી દીધો છે- यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः।[xiii]અર્થાત્ યજ્ઞ સિવાયનાં કર્મો બાંધે છે. યજ્ઞના મીમાંસાપરક પ્રસિદ્ધ અર્થને ગીતાએ ત્રીજા અધ્યાયના 9 થી 16 શ્લોકોમાં તથા ચોથા અધ્યાયના 23 થી 33 શ્લોકોમાં વિશિષ્ટ દૃષ્ટિથી રજૂ કર્યો છે. દ્રવ્યયજ્ઞ,તપોયજ્ઞ,જ્ઞાનયજ્ઞ,સ્વાધ્યાયયજ્ઞ એવા અનેક યજ્ઞોની કલ્પના કરીને યજ્ઞને વ્યક્તિલક્ષીમાંથી સમષ્ટિલક્ષી બનાવી દીધો છે. તેને બહારથી લાદવામાં આવેલી ફરજ નહી પણ આધ્યાત્મિક સત્ય ગણાવ્યો છે. ઈશાવાસ્યોપનિષદ્ ની तेन त्यक्तेन भुञ्जीथाः ભાવના ગીતાના ब्रह्मार्पणं ब्रह्म..। 4.24 માં પદ્યમાં જોવા મળે છે.સૃષ્ટિના બધાં દ્રવ્યો માણસ ભોગવી લે તો દ્રવ્યોનો નાશ થઇ જાય છે માટે સમષ્ટિના કલ્યાણમાટે તે ત્યાગ કરે છે આથી તે અનેકગણાં થઇને સૃષ્ટિમાં ફેલાઇ જાય છે.ત્રીજા અધ્યાયના 14,15,16 શ્લોકોમાં યજ્ઞચક્રપ્રવર્તનના નિરૂપણ દ્વારા કહેવામાં આવ્યું છે કે ભૂતો અન્નથી,અન્ન પર્જન્યથી,પર્જન્ય યજ્ઞથી,યજ્ઞ કર્મથી,કર્મ બ્રહ્મથી અને બ્રહ્મ અક્ષરથી ઉત્પન્ન થાય છે[xiv] જેને છાન્દોગ્ય ઉપનિષદ્ માં અને બૃહદારણ્યક ઉપનિષદ્ ના છઠ્ઠા અધ્યાયના બીજા બ્રાહ્મણમાં પંચાગ્નિવિદ્યા દ્વારા સમજાવાયું છે.[xv]

**યોગ**ની વ્યાખ્યા- चित्तवृत्ति निरोधः योगः। અર્થાત્ ઇન્દ્રિયદમન કે ઇન્દ્રિયસંયમને યોગ કહેવાય. જેને ગીતાકાર 2.48,2.50 તથા 6.23માં કહે છે કે "કોઇપણકર્મના આચરણ સમયે 'હું' કંઇપણ કરતો નથી તેમજ કર્મના ત્યાગનો અનુભવ કરે રે માનસિક અવસ્થાને યોગ કહ્યો છે "[xvi] માત્ર ઇન્દ્રિયદમનને ને બદલે કોઇપણ કર્મમાં કરેલી એકાગ્રતા જ યોગ છે. મધુસૂદનસરસ્વતીએ यस्मादीदृशी समत्वबुद्धियोग ईश्वरार्पितचेतसः कर्मसु प्रवर्तमानस्य कौशलं कुशलभावो यद्बन्धनहेतूनामपि कर्मणा तदभावो मोक्षपर्यवसायित्वं च तन्महत्कौशलम्।"[xvii]અર્થ કર્યો છે.

**મોક્ષ**-જીવનના ચાર પુરુષાર્થોમાં મોક્ષને કોઇપણ પ્રવૃત્તિ કે શાસ્ત્રનું અન્તિમ ધ્યેય મનાયો છે. નિઃશ્રેયસ્, નિર્વાણ, પરમગતિ જેવા નામો આપવામાં આવ્યાં છે. માણસ જન્મ, મરણ, શરીર અને તેનાં વિવિધ ધર્મોનાં બંધનમાં અને સુખ-દુઃખાદિ દ્વન્દ્વોમાં સપડાયેલો  છે, તેમાંથી છૂટકારો એટલે મોક્ષ. ગીતામાં મનને જ આ બંધનનું કારણ ગણવામાં આવ્યું છે.[xviii]આ મન શુદ્ધ થાય છે ત્યારે  અનિત્ય માત્રાસ્પર્શથી ખસીને પરમતત્ત્વ ઉપર જાય છે અને તે મુક્તિનો અનુભવ કરે છે. અનાસક્તિપૂર્ણ કરાયેલાં કર્મો બાધક બનતાં નથી. શ્રીકૃષ્ણએ ગીતામાં અનેક સ્થળે મોક્ષના જુદાજુદા નામો આપ્યાં છેઃ

1.પાપમુક્તિ-2.38,4.21,4.36,5.10,10.3,18.47,18.66

2.કર્મબન્ધનમુક્તિ-2.39,3.31 વગેરે

3. અક્ષરપદપ્રાપ્તિ-2.51,8.11,12.4,12.5

4.શાન્તિ-2.71,4.39,5.29

5.બ્રહ્મનિર્વાણ-2.72

6.પૂર્ણતા-3.4,7.3,8.15

7.પરની પ્રાપ્તિ-13.34

8.શ્રીકૃષ્ણભાવ-4.10

9.પુરુષનીપ્રાપ્તિ-18.50
10.અશ્રરધામની પ્રાપ્તિ-8.21,15.6
11.શ્રીકૃષ્ણમાં પ્રવેશ-11.54,18.55
12.શાન્તિરૂપ સ્થાન-18.62
આ રીતે ગીતા જીવન્મુક્તિમાં માને છે મુક્તાત્માનું શરીર છૂટ્યાં પછી તેને પુનર્જન્મનાં ફેરા રહેતાં નથી.

**અહિંસા**- જૈનધર્મ ના **अहिंसा परमो धर्मः** જેવા કે વેદવિહિત પશુયાગ સમ્બન્ધી હિંસાના વિરોધી બૌદ્ધો જેવી અહિંસાના ઉલ્લેખો ગીતામાં નથી પણ **अहिंसा सत्यमक्रोधो**..।16.2 દૈવીસમ્પત્ તથા**अहिंसा समता तुष्टि**..।10.5 વિભૂતિયોગમાં નિર્દેશકર્યો છે.સ્વાર્થમાટે કરવામાં આવેલી હિંસાનો ગીતાએ વિરોધ કર્યો છે.तस्माद्युद्धस्व કહીને લડવાના આદેશમાં ધર્મમાટે કરવામાં આવેલી હિંસા કે યુદ્ધને અહિંસા કહી છે. અનાસક્તિપૂર્ણરાતે કરવામાં આવેલું યુદ્ધ એ હિંસા નથી,અહિંસા એ પણ જ્ઞાન છે.

આમ,સમગ્ર ગીતાનો અભ્યાસ કરતાં શ્રીકૃષ્ણના આપણને પારંપરિક રૂઢિથી અલગ અર્થો કરતાં નજરે પડે છે તમામ દાર્શનિક પરિભાષાઓના રૂઢ અર્થને બદલે મૂળ અર્થ કરી અર્જુનને ઉપદેશ આપ્યો છે.શબ્દના અર્થનું પરિવર્તન કે પરિવર્ધન કરીને એક રૂઢિભંજક તરીકે કે પછી શબ્દાર્થઘટનમાં ક્રાન્તિકારી વલણ અપનાવ્યું છે. इति दिक्...

---

[i]સંસ્કૃત-પાલિ-પ્રાકૃતવિભાગ,આર્ટ્સ ફેકલ્ટી,એમ.એસ.યુનિવર્સિટી,વડોદરા તથા દેવસાયુજ્યમ્ સંસ્કૃતપ્રતિષ્ઠાનમ્, વડોદરાના સંયુક્ત ઉપક્રમે તા.3.3.2015ના રોજ આયોજિત " श्रीमद्भगवद्गीतायाः वैश्विकी दृष्टिः " વિષયક રાષ્ટ્રિય સેમિનારમાં પ્રસ્તુત કરેલો લેખ

[ii]THE BHAGVAD-GITA – ANNIE BESANT AND BHGAVAN DAS, Radha Publications, New Delhi,1993, p.26

[iii]Ibid, p.309

[iv]श्रीमदाभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे....।-श्रीमद्भगवद्गीता(शाङ्करभाष्याद्येकादशटीकोपेता)-शम्भुगजानन शर्मा,परिमल पब्लिकेशन्स,दिल्ली,1985,पृ.165

[v]साङ्ख्यदर्शन(व्याख्याचतुष्टयोपेतम्) - सं.जनार्दनशास्त्री पाणडेय, मोतीलाल बनारसीदास,पटना,1989,पृ.3

[vi]महाभारत शान्तिपर्व-308/182

[vii]श्रीमद्भगवद्गीता (भाग-3)(शाङ्करभाष्याद्येकादशटीकोपेता) - शम्भुगजानन शर्मा,परिमल पब्लिकेशन्स,दिल्ली1985,पृ.44

[viii]नैनं छिन्दति शस्त्राणि नैनं दहति पावकः। न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः।। श्रीमद्भगवद्गीता - डॉ.सर्वेपल्लि राधाकृष्णन्, सरस्वती विहार, नोएडा, उत्तरप्रदेश, 2004, पृ.133

[ix]**वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही।।- वहीं**

[x]श्रीमद्भगवद्गीता (भाग-1) (शाङ्करभाष्याद्येकादशटीकोपेता) - शम्भुगजानन शर्मा,परिमल पब्लिकेशन्स,दिल्ली1985,पृ.67

[xi]ऋग्वेद- (મંડળ-10)-સં. ડૉ.વસન્ત ભટ્ટ,સરસ્વતીપુસ્તક ભંડાર,અમદાવાદ1992,491

[xii]श्रीमद्भगवद्गीता (भाग-1)(शाङ्करभाष्याद्येकादशटीकोपेता) - शम्भुगजानन शर्मा,परिमल पब्लिकेशन्स,दिल्ली1985,पृ.285

[xiii]वहीं,पृ.285

[xiv]श्रीमद्भगवद्गीता (मदुसूदनसरस्वतीकृत गूढार्थदीपिका टीका) - स्वामी सनातनदेव,चौखम्बा संस्कृत सीरीज आफिस,वाराणसी,1962,पृ.180-181

[xv]જુઓ: અમારો લેખ-"બૃહદારણ્યક ઉપનિષદ્ માં પંચાગ્નિવિદ્યા"-શબ્દસુધા.વૉ.1 અંક 1 સુરેન્દ્રનગર,પૃ.79

[xvi]-સાર્થ ભગવદ્ગીતા-પ્રૉ.વિનોદ પુરાણી, શ્રી સરસ્વતી પ્રકાશન, અમદાવાદ, 2003, પૃ.25

[xvii]श्रीमद्भगवद्गीता (मदुसूदनसरस्वतीकृत गूढार्थदीपिका टीका) - स्वामी सनातनदेव,चौखम्बा संस्कृत सीरीज आफिस,वाराणसी,1962,पृ.145

[xviii]मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।